વલસાડ જુથ પાણી પુરવઠા યોજના, તા. વલસાડ, જી. વલસાડના કામોને ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ ( બજેટ હેડ - ૯૬- ૪૨૧૫ - ૦૧ - ૭૯૬ - ૦૯ ) અતર્ગત વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ નં.વહટ/૧૦૨૦૧૯/૨૪૧/ખ.૩,
સચિવાલય, ગાંધીનગર,
તા.20/૦૭/૨૦૧૯

વંચાણે લીધાઃ-

૧) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની તાંત્રિક ચકાસણી સમિતિની ૧૫૦મી બેઠક તા.૩૦/ ૧૦ /૨૦૧૮

૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની સભ્ય મંડળની ૨૬૮મી બોર્ડ બેઠક તારીખ તા.૧૯ / ૧૨ /૨૦૧૮

૩) નાંણા વિભાગના ઠરાવ ક્રમાંક જે એનવી/૧૦૦૭/એફએમ-૪/એ તારીખ ૨૮/૭/૨૦૦૮

૪) ગુ.પા.પુ.અનેગ.વ્ય.બોર્ડની સીંગલ ફાઇલ પરની તા.૨૨ / ૦૧ /૨૦૧૯ની દરખાસ્ત

પ્રસ્તાવના:

વલસાડ તાલુકાના કુલ ૮૬ ગામો પૈકી ૫૩ ગામોનો જુદી જુદી જુથ યોજનામાં સમાવેલ છે, જ્યારે ૩૩ ગામો ટ્યુબવેલ/ બોરવેલ સ્રોત પર આધારિત છે. જુથ યોજનામાં સમાવિષ્ટ કાંઠા વિસ્તારમાં આવેલ ૧૪ ગામો જુદી જુદી ૪ જુથ યોજનામાં સમાવિષ્ટ છે પરંતુ યોજના જુની હોય તેની આવરદા પૂર્ણ થયેલ છે. આથી હયાત જુથ યોજનાના આ ૧૪ ગામો અને કોઇ પણ જુથ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા અન્ય ૩૩ ગામો આમ કુલ ૪૭ ગામો અને તેના તમામ ૩૭૫ ફળિયા (કુલ ૪૨૨ ગામ/ફળિયા) અને નવસારી જીલ્લાના કાંઠા વિસ્તારના ૬૪ ગામો માટે બલ્ક પાણીના સપ્લાય માટે પંચલાઇ બંધના જળાશયની ઉપરવાસમાં પાર નદીમાંથી પાણી મેળવી સમાવિષ્ટ ગામોને પાણી આપવાનું આયોજન કરેલ છે.આ માટે રૂ. ૧૧૬૭૩.૪૪ લાખ (નેટ), રૂ. ૧૩૭૦૦.૬૨ લાખ ( ૧૭.૮૫ ટકા ઇટીપી ચાર્જ સાથે ગ્રોસ)ની યોજના બનાવવામાં આવેલ છે.જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ

પુખ્ત વિચારણાના અંતે વલસાડ તાલુકાના ૪૭ ગામો અને તેના તમામ ૩૭૫ ફળિયા (કુલ ૪૨૨ ગામ/ફળિયા) અને નવસારી જીલ્લાના કાંઠા વિસ્તારના ૬૪ ગામો માટે બલ્ક પાણીના સપ્લાય માટે પંચલાઇ બંધના જળાશયની ઉપરવાસમાં પાર નદીમાંથી પાણી મેળવી સમાવિષ્ટ ગામોને પાણી આપવાના રૂ. ૧૧૬૭૩.૪૪ લાખ (નેટ), રૂ. ૧૩૭૦૦.૬૨ લાખ

(૧૭.૮૫ ટકા ઇટીપી ચાર્જ સાથે ગ્રોસ)ની યોજનાને બજેટ હેડ - ૯૬- ૪૨૧૫ - ૦૧ - ૭૯૬ - ૦૯ અતર્ગત નીચે જણાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**<u>શ ર તો:-</u>**

1) યોજના અંતર્ગત નાંણાકીય વર્ષોમાં નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં બજેટ જોગવાઈને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.
2) આ કામગીરી માટે નિયમોનુસાર આગામી નાંણાકીય વર્ષમાં પુરતી અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણો ને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે
4) યોજનાના કામો મંજુર થયેલ કાર્યક્રમના સદરે જ હાથ ધરવાના રહેશે. તથા આ યોજનાના સમાન કામો માટે અગાઉ આપેલ મંજુરીઓ આ મંજુરી મળયેથી આપોઆપ રદ ગણવાની રહેશે.
5) યોજનાના રજુ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાયે ખરાઈ કરાવી લેવાની રહેશે.
6) યોજનાના કામોનું વિગતવાર સર્વેક્ષણ કરી તે મુજબ આલેખન,અંદાજો અને નકશાની સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.
7) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તારીખ ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છમાં ઈ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈ/સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
8) સુચિત કામો નરેગા હેઠળ લેવાના થતાં હોયતો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજૂરો દ્વારા જ કરવામાં આવે તેની અચુક તકેદારી રાખવાની રહેશે .
9) યોજનાના કામો હાથ ધરતા પહેલા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ નાપ્રવર્તમાન નિયમોને ધ્યાનમાં રાખી યોજનાના ઘટકોની ડીઝાઈન, અંદાજોની ચકાસણી,તેમજ સમગ્ર મટીરીયલ્સ વિગેરેની ચકાસણી સક્ષમ કક્ષાયે કરાવવાની રહેશે.
10) યોજનાના જટીલ તાંત્રિક પાસાઓને ધ્યાને લેતા કામો અલાયદા યુનિટની રચના કરી અન્યથા સક્ષમ અધિકારીશ્રીની દેખરેખમાં હાથ ધરવાના રહેશે.
11) યોજનામાં સમાવિષ્ટ કામો અંતર્ગત થયેલ ખર્ચની સક્ષમ કક્ષાયે ખરાઈ કરાવવાની રહેશે અને ખર્ચ મંજુર થયેલ યોજનાની રકમ કરતા વધી જાય તો પી. ડબલ્યુ. ડી. મેન્યુયલના પ્રર્વતમાન ધારાધોરણ મુજબ યોજનાની સુધારેલ વહીવટી મંજુરી મેળવી લેવાની રહેશે.
12) યોજનાની પાણી જરુરીયાત/અનામતની મંજુરી મેળવી, સોર્સના કામો સફળ થયે યોજનાના અન્ય કામો હાથ ધરવાના રહેશે.
13) આ કામ માટે જમીન સંપાદન, પાણી અનામત,રેલ્વે ક્રોસીંગ, રોડ ક્રોસીંગ, કેનાલ ક્રોસીંગ વિગેરે માટે સંબધિત વિભાગની મંજુરી જરુરીયાત જણાય તેવા સંજોગોમાં તે

અંગેની કાર્યવાહી સત્વરે પુર્ણ કરી/કરાવી લેવાની રહેશે. પ્રસ્તુત કારણોસર સમય મર્યાદા વધારી આપવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં.

14) યોજનામાં સમાવિષ્ટ ગામ/પરા/શહેરના હયાત નેટવર્ક અને અન્ય ઘટકોનું મહત્તમ ઉપયોગ કરવાનું રહેશે.

આ વહીવટી મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની અગ્ર સચિવશ્રી (પા.પુ.)ની તા.૨૪ /૦૬ /૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણ:યોજનામાં સમાવિષ્ટ ઘટકોની તારીજ

(ડૉ. ધિમંત વ્યાસ )
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર

પ્રતિ,

- માન.રાજયપાલના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.( પત્ર દ્વારા )
- માન.મુખ્ય મંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્ય મંત્રીશ્રી(નાણાં)નાઅંગત સચિવશ્રી.સ્વર્ણિમસંકુલ- ૧,સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પા.પુ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના રહસ્યસચિવશ્રી નાંણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પા.પુ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી (પ્લાનીંગ/ટેકનીકલ) ગુ.પા.પુ.અનેગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૧ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,વડોદરા
- [illegible]
- સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.

ઠરાવ નં.વહટ/૧૦૨૦૧૯/૨૪૧/ખ.૩,નું બિડાણ

**વલસાડ જૂથ પાણી પુરવઠા યોજના, તા. વલસાડ, જી. વલસાડના કામોને ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ (બજેટ હેડ - ૯૬- ૪૨૧૫ - ૦૧ - ૭૯૬ - ૦૯) અંતર્ગત વહીવટી મંજુરીમાં સમાવેશ ઘટકોની તારીજ**

| અનું | વિગત | અંદાજીત કીમત |
|---|---|---|
| ૧ | પાર નદી પર આડબંધ (૨૮૦ મી લંબાઇ, ૩ મી ઉંચાઇ) | ૫૫૮૦૦૦૦૦.૦૦ |
| ૨ | પંચલાઇ જળાશયમા ઇન્ટેક વેલ (૮ મી વ્યાસ, ૨૦ મી ઉંચાઇ) | ૩૯૫૬૧૦૦૦.૦૦ |
| ૩ | કાકરાપાર નહેરમાથી ઑફ્ટેક (સિલ્ટ રીમુવલ સહિત સંપ) | ૨૧૩૯૩૦૦૦.૦૦ |
| ૪ | ફિલ્ટર પ્લાન્ટ (૨૦.૫૭ એમ.એલ.ડી.)કલવાડા હેડવર્કસ ખાતે | ૨૭૧૬૩૦૦૦.૦૦ |
| ૫ | ભૂગર્ભ ટાંકીઓ (૬ મુખ્ય, ૨૬ ક્લસ્ટર, ૦.૨૫ લાખ લિ-૧૦૫ લાખ લિ) | ૬૧૪૬૭૦૦૦.૦૦ |
| ૬ | ઉંચી ટાંકી (૬ મુખ્ય, ૨૬ ક્લસ્ટર, ૦.૧ લાખ લિ-૧૧.૭ લાખ લિ) | ૯૪૯૪૫૦૦૦.૦૦ |
| ૭ | પંપીંગ મશીનરી (૨૭ નંગ, ૨ એચ.પી. થી ૨૦૦ એચ.પી.) | ૪૯૯૪૫૦૦૦.૦૦ |
| ૮ | રાઇઝીંગ મેઇન (૫૯.૩ કિમી, ૮૦ મીમી થી ૭૦૦ મીમી) | ૪૬૧૧૫૨૦૦૦.૦૦ |
| ૯ | વિતરણ પાઇપલાઇન (૨૫૧.૫ કિમી, ૯૦ મીમી થી ૪૦૦ મીમી) | ૧૭૯૫૪૯૦૦૦.૦૦ |
| ૧૦ | ગ્રામ્ય કક્ષાના ઘટકો (૪૨૨ નંગ, ૦.૨ લાખ લિ – ૫ લાખ લિ) | ૧૨૦૧૬૨૦૦૦.૦૦ |
| ૧૧ | પંપીંગ સ્ટેશન, કમ્પાઉન્ડ વૉલ, હેડ વર્કસ ડેવલોપમેન્ટસ | ૨૪૫૪૧૦૦૦.૦૦ |
| ૧૨ | સર્વેક્ષણ અને અન્વેષણ, જમીન સંપાદન, વીજળી જોડાણ, પાક વળતર અને જમીન સંપાદન | ૩૧૬૬૬૦૦૦.૦૦ |
| નેટ કિમત | | ૧૧૬૭૩૪૪૦૦૦.૦૦ |
| ઈ.ટી.પી. ચાર્જ ૧૭.૮૫% | | ૨૦૨૭૧૮૦૦૦.૦૦ |
| ગ્રોસ કિમત | | ૧૩૭૦૦૬૨૦૦૦.૦૦ |

(ડૉ ધિમંત વ્યાસ )
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર